# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2026-27/62 Dt. 12/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સુરત સહિત દેશની 200 ટેક્સટાઇલ ફેક્ટરીઓનો એઆઈના ઉપયોગ માટે સર્વે

## ભારતીય મેન્યુફેક્ચરિંગ MSMEsમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ની સજ્જતા માટે ચેમ્બર ઓફ કોમર્સ ખાતે આઈટી મંત્રાલયની વિશેષ વર્કશોપ યોજાઇ

### દેશના GDPમાં 2.3%નો ફાળો આપતા ટેક્સટાઇલ સેક્ટરને AIથી સજ્જ કરવા કેન્દ્રનો રાષ્ટ્રીય સર્વે પ્રોજેક્ટ

### MSMEsને સસ્તા અને અસરકારક ટેકનિકલ વેન્ડર્સ સાથે જોડવા કેન્દ્ર સરકાર તૈયાર કરશે 'MAX' (MSME AI Exchange) પ્લેટફોર્મ

સુરત, 12 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણા ખાતે ભારત સરકારના ઇન્ફોર્મેશન ટેકનોલોજી (IT) મંત્રાલયના ઉપક્રમે ભારતીય મેન્યુફેક્ચરિંગ MSMEsમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ની સજ્જતા અને સ્વીકાર્યતા વધારવા માટે 'એથેના ઇન્ફોનોમિક્સ'ના વિશેષ પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંદેશ આપતાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) હવે ભવિષ્યની નહીં પણ વર્તમાન સમયની જરૂરિયાત છે. દક્ષિણ ગુજરાતના ટેક્સટાઇલ અને મેન્યુફેક્ચરિંગ MSME એકમો જો 'AI લાઇટહાઉસ' મોડલ અપનાવશે તો તેમની પ્રોડક્શન કોસ્ટ ઘટી જશે. IT મંત્રાલય દ્વારા દેશની 350 અને ખાસ કરીને સુરત સહિત ટેક્સટાઇલ ક્ષેત્રની 200 ફેક્ટરીઓ

પર સર્વે માટે પસંદગી ઉતારવી એ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગજગત માટે સુવર્ણ તક છે. સુરતના ટેક્સટાઇલ MSME ઉદ્યોગકારોએ આનો લાભ લેવો જોઈએ."

**ટેક્સટાઇલ સેક્ટરમાં ઉત્પાદકતા વધારવી અને ખર્ચ ઘટાડવો મુખ્ય લક્ષ્ય**

એથેના ઇન્ફોનોમિક્સના AI એડવાઇઝરી એન્ડ સ્ટ્રેટેજી ડાયરેક્ટર શ્રી મહેશ અને પબ્લિક પોલિસી ડાયરેક્ટર શ્રી અંકિત છત્રીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, "આ રાષ્ટ્રીય પ્રોજેક્ટ હેઠળ સમગ્ર ભારતમાં 350 ફેક્ટરીઓનો સર્વે કરવામાં આવશે, જેમાં સૌથી વધુ 200 ફેક્ટરીઓ એકલા ટેક્સટાઇલ ક્ષેત્રની પસંદ કરાઈ છે. ટેક્સટાઇલ ઉદ્યોગ દેશના GDPમાં 2.3% ફાળો આપે છે. આ અભ્યાસનો મુખ્ય હેતુ MSME એકમોમાં AIના અમલ દ્વારા પ્રોડક્ટિવિટી વધારવી, કોસ્ટ રિડક્શન (ખર્ચમાં ઘટાડો) કરવો અને ફેક્ટરીના ગ્રાઉન્ડ લેવલના પડકારો (Pain Points) ઉકેલવાનો રોડમેપ તૈયાર કરવાનો છે."

ગ્રાઉન્ડ લેવલ સોલ્યુશન્સ અને 'MAX' પ્લેટફોર્મ: બેઠકમાં યાર્ન બ્રેકેજ (Yarn Breakage) શોધવા લેઝર લાઇટનો ઉપયોગ, ફેબ્રિક ઇન્સ્પેક્શનની ક્ષતિઓ નિવારવી, લેબર ટ્રેકિંગ અને ક્વોલિટી કંટ્રોલ જેવા વિષયો પર ચર્ચા કરાઈ હતી. દરેક ફેક્ટરીની કાર્યપ્રણાલી અલગ હોવાથી AIનો ઉપયોગ પણ કસ્ટમાઇઝ્ડ રહેશે. ઉપરાંત, MSMEsને આધુનિક AI ટેકનોલોજી પૂરી પાડનારા વેન્ડર્સ સાથે સાંકળવા માટે 'MAX' (MSME AI Exchange) નામનું સેન્ટ્રલાઇઝ્ડ પ્લેટફોર્મ તૈયાર કરવાની યોજના છે, જે ઉદ્યોગકારોને સસ્તા અને અસરકારક ટેકનિકલ ઉકેલો પૂરા પાડશે.

કાર્યક્રમના પ્રારંભે ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ટેક્સટાઇલ ટાસ્કફોર્સ કમિટીના ચેરમેન શ્રી આશિષ ગુજરાતીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને અંતમાં આભાર દર્શન કર્યું હતું.